# ચરોતરમિત્ર

ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩




### આણંદના ઈન્દિરાનગરીમાં 350થી વધુ મકાનો હટાવવા નોટિસ અપાયા બાદ મામલો ગરમ બન્યો

# આણંદ મનપામાં તલાવડીના રહિશોનો હલ્લાબોલ

**સ્થાનિકો મનપા** કચેરીમાં ધસી આવ્યા, પુન:ર્વસન વિના ડિમોલિશન સામે આંદોલનની ચિમકી ઉચ્ચારી





(પ્રતિનિધિ) આણંદ તા.18

આણંદ શહેરના તલાવડી પર આવેલા ઈન્દિરાનગરી વિસ્તારમાં 350થી વધુ કાચા-પાકા મકાનો હટાવવા માટે મહાનગરપાલિકા દ્વારા નોટિસ આપવામાં આવી હતી. આ બાદ તેનો વિરોધ કરતા મહેતલ આપી હતી. પરંતુ મનપા દ્વારા આ જગ્યા હટાવવા કાર્યવાહી ચાલુ રાખતા ફરી વિરોધ ઉઠ્યો હતો અને રહિશો ગુરૂવારના રોજ મનપાની કચેરીએ પહોંચી હલ્લાબોલ કર્યો હતો. આ જગ્યા ગોપી સિનેમાથી અક્ષરફાર્મ તરફ જતા રોડ પર ટી.પી. 10 ના ફાઈનલ પ્લોટ નં. 51 માં આવેલી છે. જે મનપા હસ્તક અને સરકારી જમીન હોવાથી મકાનો ખાલી કરવા માટે 15 દિવસનો સમય અપાયો છે.

કરમસદ-આણંદ મહાનગરપાલિકાના આ નિર્ણયથી 350 થી વધુ ગરીબ પરિવારો બેઘર થવાની સ્થિતિ સર્જાઈ છે. આ વિસ્તારના 500થી વધુ રહીશો મહાનગરપાલિકા કચેરીએ પહોંચ્યા હતા અને ભારે હોબાળો મચાવ્યો હતો. બાદ તેમણે ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનરને આવેદનપત્ર પાઠવ્યું હતું. જોકે, આ આવેદનપપત્ર આપ્યાના બે દિવસ બાદ ફરી રહિશોએ મહાનગરપાલિકાની કચેરીએ પહોંચી હલ્લાબોલ કર્યો હતો. જે તે સમયે આવેદનપત્રમાં સ્પષ્ટ જણાવ્યું હતું કે, ટીપી 10ના ફાઈનલ પ્લોટ નં. 51માં ફક્ત લાલ બોર્ડ લગાવીને જાહેર નોટિસ આપવામાં આવી છે, જેમાં કોઈ કલમનો ઉલ્લેખ નથી અને 15 દિવસમાં વસવાટ ખાલી કરવા જણાવ્યું છે. હકીકતમાં, આ વસવાટ 70 વર્ષથી અહીંયા છે. આવી રીતે બોર્ડ લગાવીને અને ખોટી માહિતી આપી લોકોને ડરાવીને, ભયનો માહોલ ઉભો કરીને, લોકોને પોતાના ઘર તોડવા મજબૂર કરવામાં આવી રહ્યા છે. પુન:ર્વસન વગર આટલી જૂની ઝૂંપડપટ્ટી હટાવી શકાય નહીં. આવાસનો અધિકાર જીવનના અધિકાર સાથે અવિભાજ્ય રીતે જોડાયેલો છે. જો કોઈપણ પરિસ્થિતિમાં ઈન્દિરાનગરીના ઘરોની તોડફોડ અથવા ડિમોલિશન કરવામાં આવશે, તો જનઆંદોલન કરવા આવશે. આ મુદ્દે ગુરૂવારના રોજ ફરી રહિશો મનપાની કચેરીએ પહોંચ્યા હતા અને હોબાળો કર્યો હતો. આ હોબાળાના પગલે મહાનગરપાલિકા દ્વારા હાલ પુરતુ ડિમોલેશનની કામગીરી અટકાવવામાં આવી છે.

### આણંદના સલાટિયા વિસ્તારમાં મુખ્યમંત્રી આવાસમાં જગ્યા ફાળવવા માગ

આણંદની ક્રાંતિકારી સમિતિના અલ્પેશ પુરોહિત અને જીગર વાઘેલાએ આવેદનપત્રમાં જણાવ્યું હતું કે, આણંદ નગરપાલિકા દ્વારા મુખ્યમંત્રી આવાસ યોજનામાં અંદાજીત 308 આવાસ બનાવવાનો પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો હતો. જે યોજના અંતર્ગત 2022માં 85 ટકા કામ પૂર્ણ થયું હતું અને 17 હજાર દરેક મકાન લાભાર્થીઓ પાસેથી ડિપોઝીટ પેટે લેવામાં આવ્યાં હતાં. પરંતુ આજદિન સુધી તે સલાટિયા વિસ્તારમાં બનેલા આવાસ મકાનો પડ્યા પડ્યાં ખંડેર બની રહ્યા છે. જે વાતને સાત વર્ષ ઉપર થવા આવ્યા છે. આ 308 મકાનો તાત્કાલિક ધોરણે સંપૂર્ણ તૈયાર કરી સ્લમ વિસ્તારના પરિવારોને ત્યાં મકાનો ફાળવી અને સ્લમ વિસ્તારની જગ્યાને ફરી બીજી આવાસ યોજનામાં મકાનો તૈયાર કરી અને બીજા સ્લમ વિસ્તારને આ જગ્યા પર વિસ્થાપિત કરવા માગણી કરવામાં આવી છે.

### નડિયાદમાં યુવતી અને તેના પતિ સહિત 3 શખસે યુવક પાસેથી 1.80 લાખ પડાવી ત્રાસ આપ્યો હતો

# નડિયાદ શહેરમાં યુવકના આપઘાત કેસમાં મહિલાને 5 વર્ષ કેદની સજા

**પરિણીતાએ** પ્રેમસંબંધ બાંધ્યા બાદ યુવકને માનસિક ત્રાસ આપતા ઝેર પી લીધું હતુ

(પ્રતિનિધિ) નડિયાદ, તા.18

નડિયાદમાં પ્રેમ સંબંધના કારણે માનસિક ત્રાસ અને ધાકધમકીઓ આપી એક યુવાનને આત્મહત્યા કરવા માટે મજબૂર કરવાના કેસમાં નડિયાદની સેશન્સ કોર્ટે મહત્વનો ચુકાદો આપ્યો છે. આ કેસમાં સંડોવાયેલી આરોપી મહિલા આરોપીને અદાલતે 5 વર્ષની સાદી કેદની સજા અને 50,000 રૂપિયાનો દંડ ફટકાર્યો છે. જો આરોપી દંડ ન ભરે તો વધુ 1 વર્ષની કેદ ભોગવવી પડશે તેવો હુકમ કરવામાં આવ્યો છે.

નડિયાદમાં રહેતા વિશાલભાઈ શંકરભાઈ ગોહિલને આરોપી કિંજલ સાથે પ્રેમ સંબંધ હતો. આ બાબતની જાણ કિંજલના પતિ સચીન પટેલ અને અન્ય એક આરોપી જીતેન્દ્ર ઉર્ફે ગોપાલ રાણાને થઈ ગઈ હતી. ત્યારબાદ આ ત્રણેય આરોપીઓએ ભેગા મળીને વિશાલભાઈ પાસેથી ટુકડે-ટુકડે 1,80,000 રૂપિયા પડાવી લીધા હતા. આ ઉપરાંત જીતેન્દ્ર રાણાએ કિંજલ સાથે પ્રેમ સંબંધ બાંધી વિશાલભાઈને અતિશય માનસિક ત્રાસ આપવાનું શરૂ કર્યું હતું. આરોપીઓ દ્વારા સતત આપવામાં આવતી ધાકધમકીઓ અને માનસિક ત્રાસથી કંટાળીને વિશાલભાઈએ 14/09/2021ના



રોજ પોતાના ઘરે ઝેરી દવા પી લીધી હતી અને સારવાર દરમિયાન 15/09/2021ના રોજ તેમનું મૃત્યુ નીપજ્યું હતું.

આ ઘટના અંગે મૃતકના ભાઈ હાર્દિકભાઈ શંકરભાઈ ગોહિલે નડિયાદ ટાઉન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આ મામલે કલમ 306 અને 114 મુજબ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી અને કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. આ કેસમાં સરકારી વકીલ પી. આર. તિવારી દ્વારા 23 જેટલા દસ્તાવેજી પુરાવા અને 10 સાક્ષીઓની જુબાની લેવામાં આવી હતી. સરકારી પક્ષે દલીલ કરી હતી કે સમાજમાં આવા ગુનાઓ વધશે તો કાયદાનો ભય રહેશે નહીં, તેથી સખત સજા થવી જરૂરી છે.

એડિશનલ સેશન્સ જજ પી.પી. પુરોહિતે બંને પક્ષોની દલીલો સાંભળ્યા બાદ કિંજલ પટેલને કલમ 306 હેઠળ દોષિત ઠેરવી 5 વર્ષની સજા સંભળાવી છે અને 50,000 રૂપિયાના દંડમાંથી 25,000 રૂપિયા મૃતકના ભાઈ અને ફરિયાદી હાર્દિકભાઈને વળતર પેટે ચૂકવી આપવા પણ આદેશ કર્યો છે.

## આણંદમાં ટ્રેન ટક્કરે યુવકનું મોત

(પ્રતિનિધિ) આણંદ તા.18

આણંદ રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ નં.4 પર માલગાડીની ટક્કરે યુવકનું મોત નિપજ્યું હતું. આ મહિલા નજીકમાં જ રહેતી હોવાનું ખુલ્યું હતું. આ અંગે રેલવે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધ્યો હતો.

આણંદ રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ નં.4 પર વડોદરા તરફના છેડે 18મી ડિસેમ્બરના રોજ સવારે 11-50 વાગ્યા પહેલા માલગાડી ટક્કરે એક યુવકનું મોત નિપજ્યું હતું. આ ઘટનાના પગલે આણંદ રેલવે પોલીસની ટીમ સ્થળ પર પહોંચી હતી. પ્રાથમિક તપાસમાં મૃતક લાલુભાઇ ભગવાનભાઇ ભોઇ (ઉ.વ.40, રહે. મુક્તિનગર સોસાયટી, પરીખભુવન પાછળ, આણંદ) હોવાનું ખુલ્યું હતું. આ અંગે રેલવે પોલીસે અકસ્માતે મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ ઘટનાથી પરિવારમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.

### નડિયાદના માઈ મંદિર રોડ પર ટ્રાફિકની સમસ્યા વકરી

# નડિયાદના માઈ મંદિર રોડ પર રિક્ષા સ્ટેન્ડ આપવા ઉગ્ર માંગ

**તલાટી બાગથી માઈ** મંદિર સુધીના માર્ગ પર સ્ટેન્ડના અભાવે મુસાફરોને હાલાકી

(પ્રતિનિધિ) નડિયાદ, તા.18

નડિયાદ શહેરના સતત વિકસતા અને ટ્રાફિકથી ધમધમતા માઈ મંદિર રોડ પર રિક્ષા પાર્કિંગ સ્ટેન્ડનો અભાવ હોવાના કારણે રિક્ષા ચાલકો અને મુસાફરોને ભારે મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. આ વિસ્તારમાં હોસ્પિટલ, શાળા અને ધાર્મિક સ્થળો આવેલા હોવાથી લોકોની અવરજવર સતત રહે છે, પરંતુ સત્તાવાર સ્ટેન્ડ ન હોવાથી મુસાફરોએ રિક્ષા મેળવવા માટે રઝળપાટ કરવો પડે છે. જેથી રીક્ષા સ્ટેન્ડ ફાળવવા માંગણી ઉઠી છે.

નડિયાદ શહેરની વસ્તીમાં થઈ રહેલા વધારા સાથે અનેક વિસ્તારોમાં રિક્ષા સ્ટેન્ડ ફાળવવામાં આવ્યા છે, પરંતુ શાક માર્કેટ પાછળ તલાટી બાગથી માઈ મંદિર જવાના મુખ્ય માર્ગ પર એક પણ નિર્ધારિત સ્ટેન્ડ નથી. આ પરિસ્થિતિમાં રિક્ષા ચાલકોએ રોડની સાઈડમાં રિક્ષા ઊભી રાખવી પડે છે, જેના પરિણામે પીક અવર્સ દરમિયાન ટ્રાફિક જામની સ્થિતિ સર્જાય છે. રિક્ષા ચાલકોનો આક્ષેપ છે કે ચોક્કસ જગ્યા નક્કી ન હોવાથી પોલીસ દ્વારા અવારનવાર દંડની કાર્યવાહી કરવામાં આવે છે, જે તેમની રોજીરોટી પર સીધી અસર કરે છે. સ્થાનિકો અને રિક્ષા ચાલકોની પ્રબળ લાગણી છે કે નડિયાદ મહા નગરપાલિકા અને ટ્રાફિક પોલીસ સંયુક્ત રીતે સર્વે કરી આ સમસ્યાનું કાયમી નિરાકરણ લાવે. જો આગામી દિવસોમાં આ માંગણી સંતોષવામાં નહીં આવે તો રિક્ષા ચાલકોએ ઉચ્ચ કક્ષાએ રજૂઆત કરવાની તૈયારી દર્શાવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, નડિયાદ શહેરના વિકાસ સાથે વસતીમાં વધારો થયો છે. આ ઉપરાંત મહાનગરપાલિકા જાહેર થયા બાદ સુવ્યવસ્થિત નગર રચનાની આશા પ્રજાજનોમાં જન્મી છે. તેમાં ખાસ કરીને નડિયાદવાસીઓ ટ્રાફિકની સમસ્યાને લઈ પરેશાન છે. આથી, આ દિશામાં પગલાં ભરવા માગણી ઊઠી છે.

# કપડવંજમાં વીજ ચોરી કરતાં 75 ગ્રાહક દંડાયાં

**કપડવંજ અને** કઠલાલમાં વિજચોરોને 26 લાખનો દંડ ફટકાર્યો

(પ્રતિનિધિ) કપડવંજ તા.18

કપડવંજ અને કઠલાલ પંથકમાં વીજ ચોરી સંદર્ભે મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા ડ્રાઈવનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં 75 સ્થળે વીજ ચોરી પકડાઈ હતી. આ તમામને 26 લાખનો દંડ ફટકારવામાં આવયો હતો.

મધ્ય ગુજરાત વીજ કંપની દ્વારા ફીડરો પર વધારે લોસ આવતા હોવાથી તેમના વીજલોસ ઘટાડવા ગેરકાયદેસર વીજચોરી કરનાર વિજચોરોને પકડી પાડવા માટે વડી કચેરીના વિજિલન્સ કચેરીના અધિકારીનાં માર્ગદર્શન હેઠળ જુદી જુદી ટીમો બનાવીને દરોડા પાડવામાં આવ્યાં હતા. જેના ભાગરૂપે કપડવંજ, કઠલાલ તાલુકામાં કપડવંજ અને કઠલાલ પેટા વિભાગીય કચેરીના કલાજી, હીરાપુરા, અલવા, કોટવાળના મુવાડા, મેનપુરા, નિરમાલી, વ્યાસ વાસણા, ભેજલી, ભુગડિયા, લીલાજીના મુવાડા, ઝંડા, માંડવના મુવાડા, અબોચ, રધાજીના મુવાડા, બેટાવાડા, તેલનાર અને ઠાકોર કંપા, ભૂતિયા, વિરાણીયા, ગોવિંદ પુરા, કૂપજીના મુવાડા, લહેરજીના મુવાડા, ખુમજીના મુવાડા અને દામપટ, મહાદેવપુરા, કેસરપુરા, શાહપુર, ગંગાપુરા લાટ, છીપડી, અપ્રજી, ગાડવેલ વગેરે ગામોમાં વીજ ચકાસણી હાથ ધરવામાં આવી હતી. તેમાં 75 જેટલા વિજચોરોને ઝડપી પાડયા હતા. આ વીજચોરીનો આશરે 26 લાખ રૂપિયા જેટલો દંડ ફટકારવામાં આવ્યો હતો.

# નડિયાદમાં બાકી મિલકત વેરાના પગલે પ્લેટીનમ પ્લાઝાની 11 દુકાન સીલ કરાઈ

**દુકાનોના** માલિકોએ બાકી રકમ 1.59 લાખ સ્થળ પર જ જમા કરાવી દીધી

(પ્રતિનિધિ) નડિયાદ, તા.18

નડિયાદ મહાનગરપાલિકા દ્વારા મિલકત ધારકો પાસેથી બાકી મિલકત વેરો વસૂલવા માટે વિશેષ જુંબેશ ચલાવવામાં આવી રહી છે. આ ઝુંબેશના ભાગરૂપે આજે પાલિકાની ટેક્ષ શાખા દ્વારા પ્લેટીનમ પ્લાઝા કોમ્પ્લેક્ષમાં કડક કાર્યવાહી કરવામાં આવી હતી.

આ કાર્યવાહી દરમિયાન બાકી વેરો ન ભરતા મિલકત ધારકોની 11 દુકાનોને સીલ મારવામાં આવ્યા હતા. તંત્રની આ આક્રમક કાર્યવાહીને પગલે વેપારીઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો. ટેક્ષ વિભાગની ટીમે પ્લેટીનમ પ્લાઝામાં જે 11 દુકાનો સીલ કરી છે, તેની કુલ બાકી રકમ 2,90,675 રૂપિયા થતી હતી. સીલ મારવાની કાર્યવાહી ચાલુ હતી તે દરમિયાન અન્ય 7 દુકાનોના માલિકોએ પોતાની બાકી રકમ 1,59,000 રૂપિયા સ્થળ પર જ જમા કરાવી દીધી હતી.

આ અંગે પાલિકાના ટેક્ષ અધિકારી દ્વારા જણાવાયું છે કે આગામી દિવસોમાં પણ શહેરના વિવિધ વિસ્તારોમાં આ પ્રકારે બાકી વેરાની વસૂલાત માટે સીલિંગ સહિતની કડક કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે. જે મિલકત ધારકોનો વેરો લાંબા સમયથી બાકી છે તેઓએ વહેલી તકે વેરો ભરી દેવા તાકીદ કરવામાં આવી છે.

### લુણાવાડામાં છ મિલકત સીલ કરાઇ

લુણાવાડા નગરપાલિકા દ્વારા કોમર્શિયલ હાઉસ ટેક્સના મોટા બાકી લેણેદારો સામે કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. નગરપાલિકા દ્વારા વારંવાર નોટિસ તથા રજૂઆતો કરવા છતાં ટેક્સ ભરવામાં બેદરકારી દાખવનાર મિલકતધારકો સામે હવે કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. આ કાર્યવાહીના ભાગરૂપે બે દિવસ દરમિયાન કુલ 6 કોમર્શિયલ મિલકતોને સીલ મારવાની કાર્યવાહી કરવામાં આવી છે. લુણાવાડા-ગોધરા રોડ પર આવેલા એસ.ટી. વર્કશોપની સામેની કોમર્શિયલ મિલકતોને નગરપાલિકા દ્વારા સીલ કરવામાં આવી હતી. આ મિલકતો પર રૂ. 67,019 જેટલો કોમર્શિયલ હાઉસ ટેક્સ બાકી હોવાથી નગરપાલિકા કર્મચારીઓ દ્વારા કાયદેસર રીતે સીલ મારવામાં આવી હતી. આગાઉ પણ નગરપાલિકાએ ગોધરા રોડ પર પેટ્રોલ પંપ સામે આવેલી એક કોમર્શિયલ મિલકત પર કાર્યવાહી કરી હતી. તે મિલકત પર રૂ. 3 લાખ 50 હજારથી વધુનો ટેક્સ બાકી હોવાનું સામે આવતા તેને પણ સીલ કરવામાં આવી હતી. લુણાવાડા પાલિકાની આ કડક કાર્યવાહીથી અન્ય ટેક્સ બાકીદારોમાં ફફડાટ ફેલાયો છે. નગરપાલિકા તંત્ર દ્વારા સ્પષ્ટ સંદેશ આપવામાં આવ્યો છે કે, સમયસર ટેક્સ ભરવામાં નિષ્ફળ રહેનાર સામે આગળ પણ આવી કડક કાર્યવાહી ચાલુ રહેશે. આ પગલાંનો હેતુ નગરપાલિકાની આવક વધારવા સાથે શહેરી વિકાસના કામોમાં ઝડપ લાવવાનો હોવાનું પણ જણાવવામાં આવ્યું છે.

# ઝારોલામાં ટુ વ્હીલર અને બાઈક અથડાતાં એકનું મોત

(પ્રતિનિધિ) આણંદ, તા. 18

ઝારોલ બસ સ્ટેન્ડ ગરનાળા પાસે બાઈક સાથે ટુવ્હીલર ટકરાતા જીવલેણ અકસ્માત સર્જાયો હતો.જેમા બાઈક ચાલકનું ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યુ મોત થયુ હતુ.જે અંગે ભાદરણ પોલીસે ફરીયાદ નોંધી હતી.

બોરસદ કઠાણા તાબે ઝારીયાપુરામાં રહેતા રામસિંહ સોલંકીના પુત્ર જગદીશભાઈ મંજુસર જીઆઈડીસીમાં નોકરી કરતા હોઈ બાઈક પર અપડાઉન કરતા હતા.જે મુજબ તા.17-12-2025 ના રોજ સવારે સાતેક વાગ્યાના અરસામાં વિપુલભાઈ સોલંકીને સાથે લઈ નોકરીએ જવા નીકળ્યા હતા.અને ત્યારબાદ સાંજે સાતેક વાગ્યે નોકરીએથી ઘરે પરત ફરવા બન્ને બાઈક લઈને નીકળ્યા હતા..જે દરમિયાન ઝારોલ બસ સ્ટેન્ડ ગરનાળા પાસે બોરસદ ડાલી રોડ પર આવતા અકસ્માતની દુર્ઘટના સર્જાઈ હતી.પુરપાટ ઝડપે અને બિફિકરાઈથી રોંગ સાઈડમાં સામેથી આવતુ ટુ વ્હીલર જગદીશભાઈની મોટર સાયકલ સાથે જોરદારની રીતે ટકરાયુ હતુ.જેને લઈને મોટરસાયકલ ચાલક જગદીશભાઈ રામભાઈ સોલંકી (ઉ.વ.24)ને ગળાના ભાગે અને ડાબા પગના ઘુંટણે ગંભીર ઈજાઓ પહોચતા ઘટનાસ્થળે જ મરણ પામ્યા હતા.

જ્યારે બાઈક પાછળ બેઠેલ વિપુલભાઈ સોલંકીને શરીરે નાની મોટી ઈજાઓ થતા 108 મારફતે ગોત્રી હોસ્પિટલ સારવાર અર્થે ખસેડાયા હતા. જે અંગે મૃતકના પિતાએ અકસ્માત કરનાર ટુ વ્હીલર નં.જીજે13બીજે5528 ના ચાલક સામે ભાદરણ પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી તપાસની માગણી કરી હતી.

# નડિયાદ મનપાને વિકાસ કામો માટે 40 કરોડની ગ્રાન્ટ ફાળવાઈ

**250 કરોડથી** વધુના વિવિધ પ્રોજેક્ટ્સ પર કામ શરૂ કરવામાં આવ્યું છે

(પ્રતિનિધિ) નડિયાદ, તા.18

ગાંધીનગર ખાતે રાજ્યની મહાનગરપાલિકાઓ અને નગરપાલિકાઓને વિકાસલક્ષી કાર્યો માટે ગ્રાન્ટ ફાળવવાનો કાર્યક્રમ યોજાયો હતો. આ સમારોહમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે રાજ્યની વિવિધ સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓને કુલ 2800 કરોડના ચેકોનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ અંતર્ગત નડિયાદ મહાનગરપાલિકાને પણ શહેરના આધુનિકીકરણ અને માળખાગત સુવિધાઓના સુદ્રઢીકરણ માટે 40 કરોડની માતબર રકમ ફાળવવામાં આવી છે.

નડિયાદ મહાનગરપાલિકા વતી વહીવટદાર અમિત પ્રકાશ યાદવ અને મ્યુનિસિપલ કમિશનર જી.એચ. સોલંકીએ મુખ્યમંત્રી અને રાજ્યમંત્રી હર્ષ સંઘવીના હસ્તે આ ગ્રાન્ટનો ચેક સ્વીકાર્યો હતો. આ પ્રસંગે ડેપ્યુટી કમિશનર રુદ્રેશ હુદળ અને આનંદ ઉકાણી પણ ઉપસ્થિત રહ્યા હતા. મ્યુનિસિપલ કમિશનર જી.એચ. સોલંકીએ આ અંગે જણાવ્યું હતું કે, મળેલી રકમનો સદુપયોગ મુખ્યત્વે માળખાગત સુવિધાઓ અને પ્રજાકીય હિતના કાર્યો માટે કરવામાં આવશે. શહેરમાં રસ્તા, ગટર અને પાણી જેવી પાયાની જરૂરિયાતોને પ્રાથમિકતા આપી નગરજનોને શ્રેષ્ઠ સુવિધાઓ પૂરી પાડવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. જાન્યુઆરી 2025માં મહાનગરપાલિકા બન્યા બાદ નડિયાદમાં વિકાસની પ્રક્રિયા તેજ બની છે અને અત્યાર સુધીમાં 250 કરોડથી વધુના વિવિધ પ્રોજેક્ટ્સ પર કામ શરૂ કરવામાં આવ્યું છે.

વહીવટી તંત્ર દ્વારા વર્ષ 2035 સુધીની શહેરની જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને માસ્ટર પ્લાનિંગ તૈયાર કરવામાં આવી રહ્યું છે. સરકાર દ્વારા ફાળવવામાં આવેલી આ 40 કરોડની ગ્રાન્ટથી શહેરના આંતરિક વિસ્તારોમાં સુવિધાઓનો વ્યાપ વધશે અને નડિયાદ એક સુઆયોજિત મહાનગર તરીકે ઉભરી આવશે.





ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

આણંદ, વિદ્યાનગર, કરમસદ તેમજ નડિયાદ ખાતે ગુજરાતમિત્ર અખબાર મેળવવા માટે તેમજ આપની કોપી નિયમિત રીતે ચાલુ કરવા માટે સંપર્ક કરો.

| આણંદ | નડિયાદ |
| --- | --- |
| જય એન્ટરપ્રાઈઝ કિશોર પ્લાઝા, આણંદ. | ઈશાન ન્યુઝ પેપર એજન્સી સાગર ભુવન, ડભાણ ભાગોળ, નડિયાદ |

કોપી ચાલુ કરવા માટે સંપર્ક કરો
મો. 99250 30225, મો. 99255 50225